Extra No. 72

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, MARCH 5, 2026 / PHALGUNA 14, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું:--

- સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, મોડાસા-અરવલ્લીના પત્ર નં.મોડાસા/બિન અધિકૃત/કાર્યવાહી/ઓન/૪૧૬, તા.૨૩/૦૨/૨૦૨૬

-:જાહેરનામુ:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

નં.એમ.એ.જી/જાહેરનામું/વચેટીયા/૧૦૪/૨૦૨૬ અરવલ્લી જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલી સરકારી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આવી સરકારી કચેરીઓમાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. જે અન્વયે _ અત્રેના જિલ્લામાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, અરવલ્લી ખાતે બિન-અધિકૃત વ્યક્તિઓ મોટરીંગ પબ્લીક સાથે છેતરપિંડી કરીને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી, લોભામણી વાતો કરી, વચેટીયા તરીકે કામ કરી આપવાનું કહી રૂપિયા 'લઈ ભાગી જતા હોય છે. જેથી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, અરવલ્લી-મોડાસા દ્વારા બિન-અધિકૃત વ્યક્તિઓના કચેરીમાં પ્રવેશ ટાળવા તેમજ બિનઅધિકૃત વ્યક્તિઓ ભેગી થતી અટકાવવા માટે જાહેરનામું બહાર પાડવા અત્રેની કચેરીએ દરખાસ્ત મોકલી આપેલ છે. જેથી આવી પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવો ઉચિત જણાય છે.

આથી, હું ડી.વી.મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

અરવલ્લી જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, અરવલ્લી ખાતે પોતાના સરકારી કામ માટે આવેલા હોય તેવા વ્યકિતઓ અથવા કામ કરતા હોય અથવા વાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી કે જે અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ હોય તેવા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ જાહેરનામા પ્રસિધ્ધિ તારીખથી ૦૨(બે) માસનો રહેશે.

અમલવારીનો વિસ્તાર :-

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીનો વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા૨૦૨૩ની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ - ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૭મી ફેબ્રુઆરી ના રોજ મારી સહી તથા સીક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 13:32:41 IST